# શ્રી જમનાશંકર મગનલાલ પંડ્યા સંસ્કારધામ

**(પંડ્યા લક્ષ્મીદાસ પ્રભુરામ ઘોડાસર ઔદિચ્ય ટોળક બ્રાહ્મણ સમાજ દ્વારા સંચાલિત)**

## શ્રી જે એન્ડ જે પુરાણી છાત્રાલય

ફોટો

પ્રતિ,
પ્રમુખ શ્રી/વ્યવસ્થાપક શ્રી
શ્રી જમનાશંકર મગનલાલ પંડ્યા સંસ્કારધામ
હરણીએરાડ્રોમ રોડ,
વડોદરા–૩૯૦ ૦૨૧.

સુજ્ઞ મહાશય,

તારીખ :

**સવિનય સાથે જણાવવાનું કે મારા પિતા/વાલીની અનુમતિ સાથે આપણી સંસ્થાના છાત્રાલયમાં પ્રવેશ મેળવવા આ અરજી કરૂં છું તો મને પ્રવેશ આપવા નમ્ર વિનંતી છે. મારી જરૂરી માહિતી નીચે મુજબ છે.**

| | | | |
|---|---|---|---|
| અરજદારનું પુરું નામ — અટક | | | |
| વિદ્યાર્થીનું નામ | | | (M.) |
| પિતા અથવા વાલીનું નામ | | | |
| વાલી સાથેનો સંબંધ | | | |
| જન્મ તારીખ | | | |
| મૂળ વતન | | ગોત્ર | ટોળક બ્રાહ્મણ છો ? |

| | | | |
|---|---|---|---|
| પિતા કે વાલીનું નામ | | | (M.) |
| ધંધો / નોકરી, હોદ્દો | | | |
| કામ કરવાની જગ્યાનું પુરૂં સરનામું | | | |
| પીન કોડ સાથે ઘરનું સરનામું | | | |
| ટેલિફોન નંબર | | ઘરનો : | ઓફિસનો : |

| | | | |
|---|---|---|---|
| સ્થાનિક વાલીનું નામ | | | (M.) |
| ધંધો / નોકરી, હોદ્દો | | | |
| કામ કરવાની જગ્યાનું પુરૂં સરનામું | | | |
| પીન કોડ સાથે ઘરનું સરનામું | | | |
| ટેલિફોન નંબર | | ઘરનો : | ઓફિસનો : |

## કબુલાત નામું

(૧) ફોર્મમાં આપેલા છાત્રાલયના નિયમો મેં વાંચ્યા છે. આથી હું કબુલ થઉં છું કે મારી વર્તણુંક સદર નિયમો મુજબ રહેશે. ઉપરાંત નિયમોમાં જે કાંઇ સુધારા વધારાવાળા થશે તે મને બંધન કર્તા રહેશે.

(૨) આથી હું જાહેર કરું છું કે હું કોઇ ઠેકાણે નોકરી કરતો નથી અને છાત્રાલયના રહેઠાણ દરમ્યાન કોઇ પણ જાતની ખંડિય અથવા પૂરા સમયની નોકરી સ્વીકારીશ નહીં. હું સ્થાનિક રહેવાસી નથી.

(3) છાત્રાલયના કોઇ પણ નિયમ ના ઉલ્લંઘન માટે હું મહત્તમ શિક્ષાને પાત્ર છું અને એ શિક્ષા હું સ્વીકારીશ.

તારીખ

વિદ્યાર્થીની સહી

# શ્રી જે એન્ડ જે પુરાણી છાત્રાલય - હરણી

## -: નિયમો :-

(1) છાત્રાલયમાં મુખ્યત્વે બ્રાહ્મણ સમાજના વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવશે.

(2) પ્રવેશ આપવા બાબતના તમામ અધિકાર વ્યવસ્થાપક મંડળને રહેશે.

(3) છાત્રાલયમાં પ્રવેશ મેળવનારે છાત્રાલયની આચાર સંહિતા (નિયમો) અનુસાર વર્તવાનું રહેશે.

(4) કોઈ પણ જાતનું વ્યસન હોવું જોઈશે નહિ. દાખલ કર્યા બાદ પણ જો આ અંગે જાણ થશે તો તે વ્યક્તિને છાત્રાલયમાંથી છૂટો કરવામાં આવશે અને તેની અનામત રકમ જપ્ત કરવામાં આવશે.

(5) છાત્રાલયમાં પ્રવેશ મેળવતી વખતે રૂા. 5000 /- અનામત (ડીપોઝીટ) તરીકે જમા કરાવવાના રહેશે. (જે વર્ષ આખરે અનામતની અસલ પાવતી આપવાથી મજરે મળશે.)

(6) સ્કુલ/કોલેજ સમય દરમિયાન કોઈ વિદ્યાર્થી અનિવાર્ય સંજોગો સિવાય છાત્રાલય ઉપર રહી શકશે નહિ. વહેલા આવવાનું અને છાત્રાલયમાં રહેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેની જાણ વ્યવસ્થાપકશ્રીને કરવાની રહેશે.

(7) અભ્યાસ સિવાયના કોઈપણ કામ માટે વ્યવસ્થાપકશ્રીની પરવાનગી સિવાય છાત્રાલયની બહાર જઈ શકશે નહિ.

(8) છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થી રાત્રે ૯.00 વાગ્યા પછી કોઈ પણ સંજોગોમાં છાત્રાલયની બહાર જઈ શકશે નહિ કે રહી શકશે નહિ.

(9) સ્કુલ/કોલેજના સમય પ્રમાણે છાત્રાલયમાંથી જવાનું રહેશે અને તે પ્રમાણે જ છાત્રાલયમાં તુરત જ આવી જવાનું રહેશે.

(10) નિયમનો ભંગ કરનારને તેમ જ શિસ્ત વિરૂધ્ધનું વર્તન કરનારને તુરત જ છાત્રાલયમાંથી રજા આપી દેવામાં આવશે.

(11) આ છાત્રાલયનું આયોજન સામાન્ય રીતે ઉચ્ચતર અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે કરવામાં આવેલ હોઈ સામાન્ય રીતે ધો. 11 થી અને કોલેજમાં પ્રવેશ મેળવનારને છાત્રાલયમાં પ્રવેશ આપવામાં આવશે.

(12) પ્રવેશ મેળવતી વખતે જે તે શાળા/કોલેજમાં પ્રવેશ મેળવ્યા અંગેનો દાખલો ફી ભર્યાની પહોંચ રજુ કરવાની રહેશે.

(13) છાત્રાલયમાં રહી અભ્યાસ કરનાર વિદ્યાર્થીને બહારનું ટ્યુશન રાખવાની જરૂર હોય તો તે સ્વખર્ચે પોતાની રીતે વ્યવસ્થા કરવાની રહેશે. તેનો આવવા-જવાનો સમય છાત્રાલયમાં લેખિતમાં જણાવવાનો રહેશે. તેમ જ ટ્યુશન સ્થળ અને સંચાલકનું નામ જણાવવાનું રહેશે. પ્રથમ વ્યવસ્થાપકશ્રીની મંજુરી મેળવીને જ ટ્યુશન નક્કી કરી શકાશે.

(14) છાત્રાલયમાંથી કમી કરવાના અધિકાર વ્યવસ્થાપક મંડળને નીચેના પ્રસંગોએ રહેશે. તે અંગે અપીલ કે તકરાર ચાલી શકશે નહિ.

- અ. વિદ્યાર્થી ભણવામાં દિલચસ્પી રાખતો ન હોય...
- બ. વિદ્યાર્થી સંસ્થાના હિત વિરૂધ્ધનું વર્તન કરતો હોય, શિસ્ત ભંગ કરતો હોય...
- ક. વાલીઓ વિદ્યાર્થીને સંસ્થાના હિત વિરૂધ્ધનું વર્તન કરાવતા હોય...
- ડ. નશીલા પદાર્થો, પ્રવાહી કે માંસાહારી ખોરાક લેવામાં આવતો હોય...
- ઇ. વિદ્યાર્થીની શારીરિક તેમજ માનસિક સ્થિતી સારી ન હોય...
- ઈ. રજા સિવાય નાસી જનાર વિદ્યાર્થીને છૂટો થયેલો જાહેર કરવામાં આવશે...
- ઉ. કોઈપણ જાતની રજા સિવાય મનસ્વી રીતે છાત્રાલય છોડનારને માટે સંસ્થા જવાબદાર રહેશે નહિ. અનામત જપ્ત કરવામાં આવશે.

(15) મુલાકાતી પોતાના પાલ્ય/પુત્ર નક્કી કરેલ સમયે અને સ્થળે વ્યવસ્થાપકશ્રીની મંજુરીથી જ મળી શકશે.

(16) છાત્રાલયમાં પ્રવેશ એક વર્ષ માટે માન્ય ગણાશે. નવા વર્ષના પ્રવેશ માટે નવેસરથી અરજીનું ફોર્મ ભરવાનું રહેશે. વેકેશનમાં વ્યવસ્થાપકશ્રીની લેખિત મંજુરી વગર છાત્રાલયમાં રહી શકશે નહિ.

(17) રીપીટર વિદ્યાર્થીને પ્રવેશ આપવામાં આવશે નહિ.

# શ્રી જે એન્ડ જે પુરાણી છાત્રાલય – હરણી

## છાત્રાલયમાં રહેનાર વિદ્યાર્થીએ પાળવાના નિયમો

**પ્રવેશ :**

(૧) વ્યવસ્થાપકશ્રીએ ફાળવેલી રૂમને બદલે બીજી રૂમમાં વિદ્યાર્થી રહી શકશે નહીં. પ્રતિકુળ સંજોગોના કારણે રૂમ બદલવી પડ તેમ હોય તો વ્યવસ્થાપકશ્રીની સંમતિથી થઇ શકશે.

(૨) ખંડિય અથવા પૂરા સમયની નોકરી કરતાં અને ભણતા વિદ્યાર્થીને પ્રવેશ મળશે નહીં.

(૩) વેકેશનમાં વ્યવસ્થાપકશ્રીની રજા સિવાય વિદ્યાર્થી છાત્રાલયમાં રહી શકશે નહી.

**રોલ કોલ :**

(૧) છાત્રાલયમાં દાખલ થયેલ વિદ્યાર્થીએ છાત્રાલયના તમામ નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) વ્યવસ્થાપકશ્રીની પૂર્વ મંજુરી સિવાય વિદ્યાર્થી છાત્રાલયની બહાર જઇ શકશે નહીં.

(૩) વિદ્યાર્થીએ છાત્રાલયમાંથી ફોન કરવા દેવામાં આવશે નહિ. પરવાનગીથી ફોન કરી શકાશે. ફોન કર્યા બાદ એનો જે ચાર્જ નક્કી કરવામાં આવે તે રીતે આપવાનો રહેશે અને તેની વિગત નોંધપોથીમાં કરવાની રહેશે.

(૪) છાત્ર રાત્રે ૯.૦૦ વાગ્યા પછી છાત્રાલય બહાર જઇ શકશે નહિ. કે રોકાઇ શકશે નહીં.

(૫) પોતાની વસ્તુઓ પલંગ, રૂમ તથા અન્ય વસ્તુ સ્વચ્છ રાખવી. દરરોજ રહેઠાણની સફાઇ કરવી છાત્રાલયના લાઇટ, પાણી, પંખા, વગેરેનો ઉપયોગ કાળજી પૂર્વક કરવાનો રહેશે.

(૬) પોતાની રૂમમાં કે અન્ય કોઇ દિવાલ ઉપર કોઇપણ જાતનું લખાણ, ચિતરામણ કરી શકાશે નહીં. તેમજ કોઇપણ પ્રકારના પોસ્ટરો લગાડી શકાશે નહિ. આવું કૃત્ય કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

(૭) કોઇપણ છાત્ર પોતાની પાસે ઘરેણાં અથવા જોખમી હોય તો તેવી વસ્તુ રાખી શકશે નહીં અને જો રાખશે તો તેની સંપૂર્ણ જવાબદારી તેમની અંગત રહેશે. આ બાબતે સંસ્થા જવાબદાર રહેશે નહીં.

(૮) છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓએ વપરાશ માટે આપેલા ફર્નીચર વગેરે માટે પાવતી આપવાની રહેશે. કોઇપણ પ્રકારના નુક્શાન માટે વિદ્યાર્થી જવાબદાર રહેશે. છાત્રાલય છોડી જનાર વિદ્યાર્થી એ ફર્નીચર વગેરેનો ચાર્જ વ્યવસ્થાપકને સોંપવાનો રહેશે. નુક્સાન થયેલા ફર્નીચર જેવી અન્ય વસ્તુઓ માટેની યોગ્ય રકમ અનામતમાંથી કાપીને બાકીની રકમ વિદ્યાર્થીને પરત કરવામાં આવશે.

(૯) વર્ષના અંતે વેકેશન પર જતા વિદ્યાર્થીએ પોતાનો સરસામાન ઘરે લઇ જતાં પહેલા વ્યવસ્થાપકશ્રી ને બતાવીને લઇ જવો. વિદ્યાર્થીએ પોતાની રૂમને ખાનગી તાળું મારવું નહિ. એમ છતાં જો પોતાનું તાળું માર્યું હશે તો આવું તાળુ વ્યવસ્થાપકશ્રી તોડી વિદ્યાર્થીના સરસામાનની યાદી બનાવી રૂમનો કબજો લેશે.

(૧૦) કોઇપણ આદરણીય વ્યક્તિ, વાલી, માતા–પિતા, વડીલ છાત્રાલયમાં આવે ત્યારે યોગ્ય માન આપવું એ દરેકની પ્રામાણિક ફરજ રહેશે.

(૧૧) એક બીજા સાથે સહકારથી, વિવેકથી રહી દરેકની સાથે ધીમા અવાજે વાતચીત કરવી અને સારું વર્તન રાખશો એવી દરેકની પાસે પ્રેમ ભર્યા સહકારની અપેક્ષા રાખવામાં આવે છે.

## વાલીઓએ પાળવાના નિયમો

(૧) મહિનાના બીજા અને ચોથા રવિવારે ૪–૦૦ થી ૬–૦૦ સુધીમાં મળી શકાશે.

(૨) દાખલ થયા પછી તરત કે સત્રના અધવચ્ચેથી ઉઠી જનારને અનામત પરત આપવામાં આવશે નહિ.

(૩) અનિવાર્ય સંજોગો સિવાય અભ્યાસના સમય દરમિયાન છાત્રાલયમાં ફોન કરવો નહિ. તે સિવાય સ્કુલ/કોલેજના સમય પહેલાં અગર પછી જ ફોન કરવો. વારંવાર ફોન ન કરવાનો આગ્રહ રાખવો.

(૪) પોતાનું વાહન લઇને આવનાર વાલીએ દરવાજાની બહાર મુકવામાં આવેલ સૂચન અનુસાર પોતાનું વાહન પાર્ક કરવાનું રહેશે. તેમજ અંદર આવતાં પહેલાં વોચમેન સાથે વ્યવસ્થિત વાત કરી પોતાની ઓળખાણ આપી આવવાનું રહેશે. તેમજ પ્રવેશ રજીસ્ટરમાં વિગતો ભરી સહી કરવાની રહેશે.

(૫) કોઇપણ વાલી ગેસ્ટ રૂમ અગર નક્કી કરવામાં આવે તે સિવાય પોતાના પાલ્ય/પુત્રને મળી શકશે નહિ. કોઇપણ વાલીને વિદ્યાર્થીની રૂમમાં જવાની સખ્ત મનાઇ છે.

(૬) સંસ્થાની કોઇપણ મિલ્કતને કોઇપણ પ્રકારનું નુકશાન વિદ્યાર્થી કરશે તો થયેલ નુકશાની વાલીએ ભરપાઇ કરવાની રહેશે.